## OFFLINE વિદ્યાર્થીઓ માટે અગત્યની સૂચનાઓ:

૧. ૫૫માં ખાસ પદવીદાન સમારંભ માટે **ERP System સિવાયના** વિદ્યાર્થીઓ કે જેમણે જે તે પરીક્ષા સફળતાપૂર્વક પૂર્ણ કરી હોય તેવા માર્ચ-૨૦૨૪ સુધી તથા તે પહેલા લેવાયેલ પરીક્ષામાં સફળતાપૂર્વક પરીક્ષા પાસ થયા હોય, તે તમામ **(ONLY OFFLINE STUDENT)** વિદ્યાર્થીઓ માટે પદવી પ્રમાણપત્ર મેળવવા માટેના અરજીફોર્મ ઓનલાઈન ભરવા માટે યુનિવર્સિટીની વેબસાઇડ **www.vnsgu.ac.in** પર જઈ **OFFLINE STUDENT** ની લીંક પર **CLICK** (ક્લીક) કરી રજીસ્ટેશન કરવાનું રહેશે. જેમાં વિદ્યાર્થીએ તેઓની માર્કશીટમાં ઉપરની બાજુએ જમણી તરફ દર્શાવેલ **ID NO: (નવ આંકડાનો)** લખવાનો રહેશે.

૨. **LL.B. (General)** ની પદવી લેવા માંગતા વિદ્યાર્થીઓએ તેઓની સેમેસ્ટર-૪ ની માર્કશીટમાં ક્લાસ દર્શાવવાની જગ્યાએ **(Pass Semester – 4 only)** લખેલ હોય, તેમજ **LL.B. (Special)** ની પદવી લેવા માંગતા વિદ્યાર્થીઓએ તેમની સેમેસ્ટર-૬ ની માર્કશીટમાં **(Pass Semester – 6 only)** એવું લખેલ હોય તેવા તમામ વિદ્યાર્થીઓએ આ માર્કશીટ યુનિવર્સિટી પરીક્ષા ભવનમાં **Law Faculty** જઈ માર્કશીટ કંમ્બાઇન **("Class" દર્શાવેલી)** કર્યા બાદ જ પદવી પ્રમાણપત્ર મેળવવા માટેનું આવેદનપત્ર ભરવું અન્યથા અરજીફોર્મ અમાન્ય ગણવામાં આવશે. જે બાબતે કોઈ પત્ર-વ્યવહાર વિભાગ તરફથી પણ કરવામાં આવશે નહિ. જેની વિદ્યાર્થીઓ એ નોંધ લેવાની રહેશે.

૩. **M.B.B.S., B.H.M.S., B. Physiotherapy, B. Optometry** ની પદવી લેવા માંગતા વિદ્યાર્થીઓએ માર્કશીટ સાથે વિદ્યાર્થીઓએ યુનિવર્સિટી ખાતેથી મેળવેલું **Internship Completion Certificate (ઇન્ટર્નશીપ પૂર્ણ થયા અંગેનું પ્રમાણપત્ર)** સામેલ કરવાનું રહેશે.

૪. યુનિવર્સિટી પર કોઈપણ સંજોગોમાં ડિગ્રી અંગેના આવેદનપત્રો તથા ફી સ્વીકારવામાં આવશે નહી.

૫. અરજીકર્તા વિદ્યાર્થીઓએ **PAYMENT SUCCESSFULLY** થઈ ગયા બાદ ઓનલાઈન અરજી ફોર્મ જમા કર્યાની પહોંચ (રસીદ) ની **PRINT COPY** પોતાના રેકોર્ડ માટે ફરજીયાત પદવી પ્રમાણપત્ર મળે ત્યાં સુધી સાચવી રાખવાની રહેશે. આ પ્રિન્ટ કોપી યુનિવર્સિટી પર મોકલવાની રહેતી નથી, પરંતુ ડિગ્રી સર્ટિફિકેટ યુનિવર્સિટી પર લેવા આવો ત્યારે ફરજિયાત (PAYMENT SUCCESSFULLY) વાળી રસીદની હાર્ડ કોપી લાવવાની રહેશે. જેની વિદ્યાર્થીઓએ ખાસ નોંધ લેવી. જો પેમેન્ટ અંગે કોઈ પણ મુશ્કેલી સર્જાય તો તેવા સંજોગોમાં વિદ્યાર્થીએ જે બેન્કમાંથી ફી માટે પેમેન્ટ કરે છે એ બેન્કના ટોલ ફ્રી નંબર ઉપર સંપર્ક કરવાનો રહેશે. ત્યારબાદ વિદ્યાર્થીએ **PAYMENT STATUS** ચેક કરી પેમેન્ટ રસીદ જનરેટ કરી લેવાની રહેશે. ઓનલાઈન પેમેન્ટ કિસ્સામાં બે વાર પેમેન્ટ થઈ જાય ત્યારે યુનિવર્સિટી ખાતે કોન્વોકેશન વિભાગને બેન્કની પાસબૂકની નકલ સાથે અરજી કરી લેખિતમાં તેની જાણ કરવાની રહેશે. સમય મર્યાદા બાદ મળેલ અરજી પર કોઈ કાર્યવાહી થશે નહિ. પદવી પ્રમાણપત્ર લેવા આવે ત્યારે **PAYMENT SUCCESSFULLY** થાય તે જ રસીદ માન્ય ગણાશે બેન્કનો મેસેજ કે અન્ય મેસેજ રસીદ તરીકે ધ્યાનમાં લેવામાં આવશે નહી.

## ખાસ નોંધ:

૧. અરજી ફોર્મ ભરનારા વિદ્યાર્થીઓએ વેબસાઇટ પર દર્શાવેલી તમામ સૂચનાઓ વાચ્યા બાદ જ ઓનલાઈન ફોર્મ ભરવાનું રહેશે. ખોટી માહિતી તથા અધુરી વિગતોવાળું તેમજ નિયત દસ્તાવેજો અપલોડ કરેલ ન હોય તો આવા ભરવામાં આવેલ વિદ્યાર્થીઓના ઓનલાઈન/ઓફલાઇન અરજીફોર્મ રદ્દ કરી ભરવામાં આવેલ ફી દફ્તરે કરવામાં આવશે તથા તે અંગે કોઈ પત્ર વ્યવહાર કરવામાં આવશે નહી.

૨. **ERP System** અંતર્ગત જે વિદ્યાર્થીઓએ **ONLINE** મોડમાં ફોર્મ ભરી અભ્યાસ પૂર્ણ કરેલ હોય તેવા વિદ્યાર્થીઓ કે જેમની માર્કશીટમાં **SPID NO** તેમજ વિદ્યાર્થીના તેમના ફોટાવાળી માર્કશીટ હોય, એવા વિદ્યાર્થીઓએ આ **OFFLINE** મોડમાં પદવી પ્રમાણપત્ર મેળવવા માટે અરજીફોર્મ ભરવાનું રહેતું નથી. **ERP System** વાળા **ONLINE** વિદ્યાર્થીઓ **OFFLINE** મોડમાં અરજીફોર્મ ભરશે તો તેઓના અરજીફોર્મ રદ કરી ભરેલ ફી દફ્તરે કરવામાં આવશે.

૩. વિદ્યાર્થીઓ દ્વારા ઓનલાઈન/ઓફલાઈન અરજીફોર્મમાં જે વિગતો, ફોટો અને સહી અપલોડ કરી હશે એ મુજબ પદવી પ્રમાણપત્રો બનશે. જે અંગે પાછળથી યુનિવર્સિટીની કોઈ જવાબદારી રહેશે નહિ જેથી વિદ્યાર્થીઓ અરજીફોર્મ ચોક્કસાઈ પૂર્વક ભરવાનું રહેશે.

૪. સિન્ડિકેટ તા.૨૧/૦૯/૨૦૨૦ ની સભાના ઠરાવ ક્રમાંક : ૨૬ મુજબ શૈક્ષણિક વર્ષ ૨૦૨૦-૨૧ માં પ્રથમ વર્ષ એલએલ.બી.માં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓના બેચથી પ્રવેશ મેળવનારને સેમેસ્ટર-૪માં પાસ થયેલ વિદ્યાર્થીઓએ **LL.B. (General)** ની પદવી પ્રમાણપત્ર મેળવવા માટે **Offline** મોડમાં પણ અરજીફોર્મ ભરશે તો પણ આ અરજી તેમજ ભરેલ ફી દફતરે કરવામાં આવશે. જે બાબતે કોઈ પત્ર-વ્યવહાર વિભાગ તરફથી પણ કરવામાં આવશે નહિ. જેની વિદ્યાર્થીઓએ ખાસ નોંધ લેવાની રહેશે.

૫. વિદ્યાર્થીઓ દ્વારા ઓનલાઈન/ઓફલાઈન અરજી ફોર્મની ફી પેમેન્ટ ઓનલાઈન થી જ કરવાનું રહેશે. યુનિવર્સિટી ખાતે કેશ (રોકડ) લેવામાં આવશે નહી. ઓનલાઈન પેમેન્ટ કર્યા બાદ **PAYMENT SUCCESSFULLY** વાળી રસીદની પ્રિન્ટ કોપી પોતાના ડેસ બોર્ડ પરથી ડાઉનલોડ કરી લેવી અને જ્યારે ડિગ્રી સર્ટિફિકેટ લેવા આવો ત્યારે અથવા કે કોઈ ડિગ્રીની મુશ્કેલી માટે યુનિવર્સિટી ખાતે રજૂઆત કરવા આવો ત્યારે ફરજિયાત રસીદની હાર્ડ કોપી લાવવાની રહેશે.

**--Sd--**

પરીક્ષા નિયામક